

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કરોડોથી ઓછું કોઈને ખાવા દેવો નથી!*
*મોટા માલ્યાઓને જેલમાં જવા દેતો નથી!*
*થાવા નથી દેતો સજાની કોઈ કાર્યવાહી -*
*ગરીબ-મધ્યમોને સુખે, સૂવા દેતો નથી!*
*(માલ્યા બચાવ ઝુંબેશ)*

### હાઈકુ

*નીક છે કાચી,*
*વેડફાય એકતા -*
*સૂકાય સંપ!*
*(પાટીદાર, સંગઠનનો અભાવ)*

*કરે સૌ ચૂં ચૂં*
*ઘંટ કોઈ બાંધે ના -*
*બિલ્લી પ્રભાવ ?!*
*(મહાગઠબંધન!)*

### ચિંતન

**ના મૂવા ના મર ગયા, નહીં આવે નહીં જાય,**
**એ ચરિત્ર કરતાર કા, ઊપજે ઔર સમાય**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે મનુષ્યનો આત્મા મરતોય નથી અને કયાંક આવતો - જતો નથી. તે તો અવિનાશી છે. મરે છે તો મનુષ્યનું શરીર આત્મા દેહ ચોડી જાય છે તે તો ઈશ્વરની લીલા અને કર્મનો સિદ્ધાંત છે. આપણે જેને મૃત્યુ કહીએ છીએ તે તો દેહનું જીવન મરણનું ચક્ર છે. તે ફરતું જ રહે છે. આપણને માનવ દેહ કાળની ગર્તામાં સમાઈ જતો દેખાય છે. પણ એ તો સ્થૂળ દેહની સ્થિતિ છે. માટે કબીર કહે છે કે અવિનાશી આત્માને નથી કોઈ જન્મ કે મરણ.

આપણા પૂર્વ જન્મના કર્મોને કારણે 'જન્મ' મળે છે તે જન્મ ઈશ્વરેચ્છા અને કર્મસંજોગ પ્રમાણ 'કર્મ' કરી (નિયત શ્વાસની સંખ્યામાં જ) પૂર્ણ કરી જન્મી-મૃત્યુ પામવાનું છે જો એટલા સમયમાં તમે એ નિયત કર્મ ન કરો તો ફરી જન્મ લઈ કરવા આવું પડે જયાં સુધી તમે સુધરો નહીં ત્યાં સુધી 'ધક્કા' ખાવા પડશે...

દેહ-શરીર તો જન્મ લેશે અને મરશે. 'આત્મા' મરતો નથી અને પરમાતત્ત્વની યોગ્યતા પ્રાપ્ત કરવી જ પડશે.

### સુવિચાર

- તમારી જીવન અવસ્થા બીજું કશું નહીં, ફક્ત તમારી માનસિક અવસ્થાની છબી છે - **વેન ડાયર**
- ફક્ત યુદ્ધમાં જીતવાથી નહીં પરંતુ યુદ્ધ જીતવાના પ્રામાણિક પ્રયાસથી જ ઈતિહાસ રચી શકાય છે - **નેપોલિયન**
- અવસર તત્પર મસ્તિષ્ક નો જ પક્ષ લે છે - **લુઈ પાશ્ચર**
- તમે અડધા સત્ય કે અડધા જૂઠથી પૂરું સત્ય બનાવો છો તો તમે તમારી શંકા પર વિશ્વાસ કરવા લાગો છો અને પોતાના વિશ્વાસ પર શંકા કરવા લાગો છો - **ભૂપત વડોદરિયા**
- આપણી જિંદગીમાં ઘટનારો તણાવ; આપણી ખોટી કલ્પનાઓનું પરિણામ છે - **જીવનસૂત્ર**
- સફળતા હંમેશા નિષ્ફળતાની બીજી બાજુ દબાયેલી મળે છે - **ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ગુલાબ જળમાં ફટકડીની ભસ્મ મેળવી અળાઈ પર લગાવવાથી અળાઈ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હેમુભાઈ ગઢવી અને એમના ખાસ મિત્ર રાજકોટથી બસમાં બેસી ભાવનગર જતા હતા. રસ્તામાં શિહોરમાં અચાનક ઉતરી ગયા. એમને મિત્રે પૂછ્યું કે સવારે ચાર વાગે શિહોર ઉતરીને કયા જવું છે ? હેમુભાઈએ કહ્યું અહીંથી પાંચ કિ.મી. દૂર ટાણા ગામે મારા બેનને મળવા જવું છે. મિત્રએ પૂછ્યું, 'તમારા સૌ સગા-સંબંધીઓને હું ઓળખું છું.' અહીં ટાણા ગામે તમારા બેન પરણાવ્યા હોય તે બાબત મને સમજાતી નથી...' હેમુભાઈએ મિત્રને કહ્યું મારી સાથે ચાલો અને જુઓ શું થાય છે? હેમુભાઈ અને પેલા મિત્ર પૂછતા પૂછતા ટાણા પાર્વતીબેનના ઘરે પહોંચ્યા. સાવ ઝૂંપડા જેવું ઘર, ગરીબી જ ગરીબી એ ખોરડામાં હતી. હેમુભાઈએ પાર્વતીબેનને મળી ઓળખાણ આપી પોતાના ખીસ્સામાં હતા. એટલા બધા પૈસા બેનને આપી દીધા. અને વધુ કોઈ વાતચીત કર્યા વિના પાછા શિહોર જવા ચાલતા નીકળ્યા. મિત્રએ હેમુભાઈને ફોડ પાડવા કહ્યું ત્યારે હેમુભાઈએ કહ્યું 'આ પાર્વતીબેન વિધવા છે, ગરીબ છે. તેમના દીકરા-દીકરી મારા આકાશવાણી રાજકોટ પરથી જે ભજન - લોકગીતો પ્રસારિત થાય છે તે નિમયિત સાંભળે છે. જયારે દીકરા-દીકરી - માતા ત્રણે ખૂબ દુઃખી હોય ત્યારે દીકરો પૂછે, હવે આપણું ધ્યાન કોણ રાખશે ?' ત્યારે માતા કહેતી કે 'જે આ રેડિયોમાં ગાય છે તે તારા મામા છે, આવશે કયારેક આપણું સૌનું ધ્યાન રાખશે.' છોકરાવે કયાંકથી આકાશવાણીના રાજકોટ કેન્દ્રનું સરનામું મેળવી પોસ્ટકાર્ડ લખ્યું, 'અમારા હેમુ મામા, મારા બાપુજી ગુજરી ગયા છે, અને મારી બા એમ કહે છે કે હેમુભઆઈ આવશે એટલે આપણા દુઃખના દિવસો પુરા થશે, તો તમે એકવાર અમારા ગામ ટાણા આવશો.' પોસ્ટકાર્ડ રાજકોટ કેન્દ્રના ડાયરેકટર હેમુભાઈને પહોંચ્યું. ત્યારથી હેમુભાઈને ટાણા ગામ જવાની ઈચ્છા હતી. હેમુભાઈએ મિત્રને કહ્યું, 'બાળકો એ મને મામો કહ્યો, એમને કેટલો મારા પર ભરોસો હશે...?'

# ભાગવતના બ્રહ્મજ્ઞાનનો નવો પ્રકાશ

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શિબિરમાં સંઘના સર્વેસર્વા મોહન ભાગવતે કોંગ્રેસ વિશે કરેલ નિવેદન કે નિરીક્ષણ અત્યાર સુધીના સંઘ, જનસંઘ કે ભારતીય જનતા પાર્ટીના વાજપેયી સિવાયના નેતાઓ માટે આશ્ચર્યજનક જ બની રહે, બલકે કેટલાકને તો એવા આઘાત પહોંચે કે એની કળ વળતાં દિવસો નીકળી જાય. જો કે સંઘ વડાએ સાવ જ સાદું સત્ય ઉચ્ચાર્યું છે અને ઈતિહાસનો જ પુરસ્કાર કર્યો છે. દિવંગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી આ જ વાત વારંવાર કહેતા રહેતા ત્યારે સંઘના તત્કાલીન નેતાઓ એમનાથી નારાજ થયા હતા. એથી અડવાણીએ આગળ કરી વાજપેયીને 'કટ ટુ સાઈઝ' કરવાનો પણ વ્યૂહ વિચારાયેલો પરંતુ ભારતીય જનતા પાર્ટી માટે વાજપેયીનું સર્વ સમાવેશી મહોરું અનિવાર્ય બની ગયું હતું કારણ કે એ વિના એનડીએના ઘટક પક્ષોને જોડે રાખવાનું અઘરું હતું. વાજપેયીની ઉદાર છબી સામે સંઘનો ગર્ભિત રોષ એમને કયારેક વિષાદમાં ધકેલી દેતો અને એ કવિ જીવ ચિત્કારી ઊઠતો : જાઉં તો જાઉં કહાં ? આજે હવે વાજપેયી સ્મૃતિશેષ બની ચૂક્યા છે ત્યારે સંઘના વડાએ કોંગ્રેસના વખાણ કેમ કરવા પડ્યાં ? શા માટે એ કયારેક કોંગ્રેસના ચુસ્ત નેતામાંથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચી નિવૃત્ત થયેલા પ્રણવ મુખર્જીને શિબિર સમાપનના મુખ્ય અતિથિ તરીકે નોતરે છે ? સાચું ખોટું જે હોય તે - પણ રાહુલ ગાંધીને સુધ્ધાં સંઘ શિબિરના આ વખતના કાર્યક્રમમાં નિમંત્રણ પાઠવવાની વિચારણા તો થઈ જ હતી. મતલબ કે સંઘ હવે કોંગ્રેસને મોદી કે શાહ ગણે છે એ હદે છે એ હદે અસ્પૃશ્ય ગણવામાં જોખમ માને છે. સંઘ સમજે છે કે 'કોંગ્રેસ મુક્ત ભારત'ની મોદી-શાહ વાણી કલ્પના તદ્દન વાહિયાત છે. એક રાષ્ટ્રીય પક્ષને સમૂળગો નેસ્તનાબૂદ કરવો અશક્યવત છે. વળી કોંગ્રેસ પાસે તો ભવ્ય ઈતિહાસનું ભાથું છે. સંઘ પર ગાંધી હત્યાનો આરોપ લગાવી એના પર પ્રતિબંધ લાદનારા દેશના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલને તો સંઘ અને ભારતીય જનતા પાર્ટીએ કયારનાય કોંગ્રેસ પાસેથી તફડાવી લીધા છે. એ જ રીતે ગાંધીજી સાથે પ્રામાણિક મતભેદ ધરાવનારા સુભાષચંદ્ર બોઝને પણ સંઘ-ભાજપ પોતાના હીરો ગણીને પૂજતા રહ્યા છે. ભાગવતે જાહેરમાં કહેવું પડ્યું કે આઝાદીની ચળવળમાં કોંગ્રેસનો મહત્ત્વનો ફાળો હતો અને કોંગ્રેસે દેશને કેટલાક મહાન નેતાઓ આપ્યા હતા. આમ જોઈએ તો આ ઐતિહાસિક સત્ય અને તથ્ય છે, પરંતુ નહેરુ વિરોધી માનસિકતા ધરાવતા સંઘ અને ભાજપના આગેવાનો તો કોંગ્રેસને ભાંડવાની એક પણ તક જતી કરવા તૈયાર જ નથી. દેશમાંથી કોંગ્રેસનાં મૂળિયાં ઉખાડી નાખવાની આક્રમક મુરાદ સાથે મોદી અને શાહ ઝઝૂમી રહ્યા છે ત્યારે ભાગવતના મોઢે કોંગ્રેસના આગેવાનોને શાતા થાય તેવો શબ્દો સરી પડે છે, તેમાં પણ છૂપું રાજકારણ જ છે. કાલે કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારનું શાસન આવે તો પણ સંઘ તો હિંદુ હિતોની રખેવાળી કરતા સંગઠન તરીકે કાર્યરત રહેશે જ. ખુદ રાહુલ ગાંધી સૉફટ્ હિંદુત્વની લાઈન પર ચાલવા લાગ્યા છે તે જ દર્શાવે છે કે સંઘની 'હિંદુ રાષ્ટ્ર'ની મૂળભૂત વિભાવના આ દેશની પ્રજાને પૂર્ણપણે નહીં તો આંશિક રીતે પણ સ્વીકાર્ય છે. સંઘે ત્રિરંગાનું માન જાળવવાનું જરૂર સ્વીકાર્યું છે, પરંતુ ભગવો તો એનો 'ગુરુ' છે. આ ભગવો રંગ એ ત્યાગ અને સમર્પણના રંગે સ્વરુપે કોઈ પણ હિંદુ માટે આદરણીય જ રહેવાનો છે. ભગવાને પૂછતા હોઈ સાધુસંતોનો સંઘ ને અપૂર્વ સહયોગ સાંપડતો રહ્યો છે. સંઘવડાની જરા ઉદાર કહી શકાય એવી વાણી સામે બેઠેલી વિવિધ પ્રતિભાઓને પણ નજરમાં રાખીને ઉચ્ચારાઈ હોય એમ બને. અલબત્ત, અમરસિંહ કે સિને જગતના કેટલાક મહાનુભાવો સંઘના નિમંત્રણને માન આપીને આવ્યા હોય તો એમાં એની કૃપાદષ્ટિ મેળવી રાજયસભામાં પાછલે બારણેથી પ્રવેશવાની છૂપી મંશા પણ જવાબદાર હોઈ શકે છે.

# ભિખારીની અચરજભરી હકીકત



## નવાં કલેવર

નટવર હેડાઉ

મૃણાલ મંદિરના પગથિયાં ઉતર્યો ત્યાં એક ભિખારીએ એનો વાડકો ખખડાવી સામે ધરી દીધો. ઝટ દઈને પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી એક રૂપિયાનો સિક્કો કાઢ્યો અને ભિખારીના વાડકામાં નાંખી દીધો.

ભીખારીએ મોં બગાડ્યું અને બબડવા લાગ્યો. કેવા કંજૂસ લોકો આ મંદિરમાં આવવા લાગ્યા છે. હોટેલમાં જઈ ૫૦૦ ખર્ચી નાખશે. મલ્ટીપ્લેક્ષમાં સિનેમા જોવા જશે ત્યાં હજાર પંદરસો વાપરી નાંખશે. મોલમાં જઈ બે ચાર હજારની ખરીદી કરશે. છોકરાઓને ભણાવવી હજારો રૂપિયાની ખરીદી કરશે. છોકરાઓને ભણાવવાથી હજારો રૂપિયા ડોનેટ કરશે પણ અહીં આપણા વાડકામાં પાંચ દશ રૂપિયા નાંખતા ચૂક આવે છે. ડુંગરી ચાલીસ પસાસ રૂપીપે થઈ ગઈ છે. પેટ્રોલના ભાવ કુદકેને ભૂસકે આગળ વધી રહ્યા છે. એ શું એમને દેખાતું નહીં હોય.

ભિખારીએ પોતાની નજીક બેઠા ભિખારીનું આ બાબતે સમર્થન મેળવવાની કોશિશ કરી. તે ભિખારી પણ કહેવા લાગ્યો. 'હાં, ભાઈ તારી વાત સાચી છે. આ લોકો કયારેક પોતાના ખર્ચા પર કાપ નહીં મૂકે. જો કે આપણને જ રૂપિયા બે રૂપિયાના સિક્કા પકડાવી દે છે.'

મૃણાલ મંદિરના પગથિયાં ઉતરતો હતો ત્યારે તેનો મિત્ર મનીષ નીચે ઊભો જઈ રહ્યો હતો. બંને નજીક આવતાં હાથ મિલાવી એક બીજાને ખબર અંત પૂછ્યા. મનીષે કહ્યું, 'મૃણાલ, મને લાગે ઓછે કે તું તો દર મંગળ અને ગુરુવારે અહીં આવતો હોઈશ ખરું ને?'

'ના ભાઈ ના, કયારેક મન થઈ જાય તો આવી જઉં છું. મારે એવો કઈ નિયમ નથી.' મૃણાલે કહ્યું.

તે વખતે અચાનક મનીષ બોલ્યો. 'મૃણાલ, હું તને એક વાત કરવા માગું છું. તું સાંભળીશ તો દંગ રહી જઈશ.'

'હું કંઈ સમજ્યો નહીં, એવી શું વાત છે?' મૃણાલે પૂછ્યું.

'હમણાં તેં મંદિરના પગથિયાં ઊતરીને જે ભિખારીને સિક્કો આપ્યોને, તેની આ શહેરમાં છ રીક્ષાઓ ભાડેથી ભરે છે.'

'મનીષ તું પણ શું, સવાર સવારમાં મજાક કરે છે. ગપ્પા મારવા માટે તેને હું જ મળ્યો.'

હું ખરેખર સાચું કહું છે. આ ભિખારીને રોજના ૧૨૦૦ રૂપિયા રીક્ષા ભાડામાં મળે છે. તને વિશ્વાસ ન પડતો હોય તો સાંજે છ વાગ્યાની આસપાસ આ મંદિરે આવી જજે બધું નજરોનજર જોવા મળશે.' મનીષે ખુબ જ આત્મ વિશ્વાસ સાથે પોતાની વાત કરી.

'સારું મનીષ સાંજે છ વાગ્યે મળીએ છીએ. હાલ તો મારે ઓફિસે જવાનું છે. સાંજે આમ પણ હું આ રસ્તે જ નીકળું છું.' મૃણાલે કહ્યું.

સાંજે છ વાગ્યે મનીષ અને મૃણાલ મળ્યા. વાતો કરતા તેઓ મંદિરના પગથિયાં નજીક ઊભા રહ્યા. પેલો ભિખારી પણ ત્યાં જ બેઠેલો હતો.

થોડી મિનિટો પછી મૃણાલ અને મનીષે જોયું. તો એક રીક્ષાવાળો મંદિર પાસે ઊભો રહ્યો. રીક્ષા વાળો રીક્ષા ઊભી રાખી ઝડપથી ભીખારી પાસે આવ્યો. તેણે પાંચસોની બે અને બસોની એક નોટ કાઢી ભિખારીના હાથમાં મૂકી. ભિખારીએ આજુબાજુ જોયું કે કોઈ જોતું તો નથી ને, અને ઝટ દઈને રૂપિયા લઈ પોતાની ફાટેલા ખમીશના ખિસ્સામાં સરકાવી દીધા. અને ચૂપચાલ તેનો ભીખનો વાડકો નજીક ખેંચ્યો. રીક્ષાવાળાએ ઈશારાથી તેને કંઈક કહ્યું, અને ત્યાંથી નીકળી ગયો.

મૃણાલને ભિખારીને ખુબ આશ્ચર્યની દૃષ્ટિથી જોતો જ રહી ગયો.

# પ્રબંધનમાં ઉમદા કર્મચારીઓ હતાશ શા માટે છે?



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોઈ પણ ધંધા કે વ્યવસાયમાં કામ કરનાર વ્યક્તિઓની માનસિકતા, શિસ્ત, જ્ઞાન, વલણ અને નિષ્ઠા અતિ મહત્ત્વની બાબતો હોય છે જેના લીધે સંસ્થા કે એમકની શાખ વધતી કે છટતી હોય છે. કહેવાય છે કે તમે તમારા વર્ક ફોર્સને સંભળાવો, બાકીનું બધું તમારું જે કંઈ હશે તે આ લોકો અવશ્ય સંભાલી લેશે. ધંધા અને વ્યવસાયનાં સ્વરુપ તથા કાર્યશેલી ડીજિટલ દુનિયા બન્યા પછી ખુબ બદલાઈ રહ્યા છે અને માનવીય ગુણો કે પ્રવિણતાનું સ્થાન મશીનો એ સંભાળી લીધું છે અર્થાત્ તજજ્ઞ વ્યક્તિઓનાં જ્ઞાન કરતાં વધુ ઈન્ટરનેટ આધારિત પ્લેટપોર્મ ઉપરથી ઉપલબ્ધ થતું જાય છે! ગુરુ પૂર્ણિમાના દિવસો સાચા ગુરુજનોનાં સન્માન કરવાની જગ્યાએ ગૂગલનું સન્માન થઈ ગયું ત્યારે લાગ્યું કે આભાસી ગણાતા ડીજિટલ વિશ્વમાંથી બધુ જ શોધી લેવા કે પામવાની ઘેલછા પ્રતિદિન વધી રહી છે. ભાષાનું વૈવિધ્ય, માહિતી પ્રાપ્તિના સ્થાનો અને ઝડપ વાળી ટેકનોલોજીએ માનવીય શ્રમનો જબરો આંચકો આપ્યો જ છે. નિષ્ણાંત ગણાતા કર્મચારીઓનું વજન અર્થાત્ મહત્તા ઘટી ગઈ કારણ કે લાખો વિકલ્પ ઉપલબ્ધ છે. હવે વાત કરીએ પ્રબંધનની તો માણસો વિના મેનેજમેન્ટ કરવું શક્ય નથી. બીજું ટેકનોલોજી હોય પરંતુ તેને ચલાવવા, નિરીક્ષણ કરવા, નિર્ણય લેવા માટે શ્રમિકો તો જોઈએ. ત્રીજુ ટેકનોલોજી એ માનવ શ્રમિક નથી અર્થાત્ એ સંવેદનાહીન, વેદવાહીન, ભાવહિન માધ્યમ છે. મશીન્સને માન-અપમાન હોતા નથી કે મશીન્સને અહેસાસ, સહવાસ, શ્વાસ કે અનુભૂતિ કદી હોતા નથી જ ! આ બધાથી થયું છે એવું કે આધુનિક વર્ક કલ્ચરમાં ઉમદા આપનારા શ્રમિકો ને ધક્કો લાગી રહ્યો છે. તેમાં ઉત્કૃષ્ઠ પરિણામ આપતા કર્મચારીઓને ભાવાત્મક ઠેસ લાગી રહી છે અથવા તેઓ દંડતા હોય તેવી સ્થિતિ છે !

જે જ્ઞાતિ, પરિશ્રમી, પ્રામાણિક કાર્ય કરનારાઓ હોય છે. તે મહદંશે સ્વમાની અને હકારાત્મક હોય છે તેના ઉપર જ પ્રબંધન વધુ કાર્યબોજ, જવાબદારી અને અપેક્ષાઓ ઠોકી બેસાડે છે અને તેના જ લીધે ગંભીર રીતે સમજી વિચારીને યોગ્ય પ્રકારે નિષ્ઠાથી કામ કરનારા અંતે માનસિક દૃષ્ટિ એ નિરાશ હતાશ અને ઉદાસ થઈ જતાં કાર્ય પરિણામ નકારાત્મકતા તરફ ફંટાઈ જાય છે અને આ સ્થિતિ લગભગ દરેક જગ્યાએ જોવા મળે છે. કામ ઉમદા રીતે કરનારા ને ટકાવવા માટે પ્રેરણાદાયી પગલાઓ અને પ્રશંસાપત્ર, જાહેર સન્માન, સુંદર શબ્દોથી કબૂલવું વગેરે હજી અમલી થતા નથી તદુપરાંત પડકાર ભર્યા નવા વધારાના કામો જડતા વલણ સાથે સોંપવામાં આવી રહ્યા છે એટલે અંતે જે સમક્ષ છે તે ભાંગી પડે છે અને આ ઘટનાની નોંધ કરે લેવામાં આવતી નથી, આ ઉડીને આંખે વળગે તેવી બાબત પ્રથમ દૃષ્ટિએ જણાતી પણ નથી! આર્થિક કમાણી કરવી કે કમાવું એ લક્ષ્ય હોવા છતાં પ્રબંધન એ ભૂલી જાય છે કે શ્રમિક ઉત્પાદનનું અભિન્ન અંગ લેવા ઉપરાંત એ જીવંત સંવેદન અંગ છે ! શ્રમિક બીજા ઉત્પાદીકય સાધનોનું સંચાલન કરી રહ્યા છે તે ભૂલી જવાય ત્યારે વહીવટનું સારું બનવાની તકો ગેરવહીવટના કાટમાળમાં દટાઈ જાય છે. ટૂંકા વેતનમાં એડહોક જોબમાં, રોજમદાર વાળા કામમાં પણ સારાં કાર્ય કરનારાની ઉપેક્ષા થાય તો ત્યાં નવા ભ્રષ્ટાચારનાં માર્ગો ખૂલી જતા હોય છે. માનવીની નિષ્ઠા તૂટે એટલે અંતે નફો ઘટે એ બજારનો નિયમ છે. વફાદાર શ્રમિકોની કદરની જગ્યાએ કોઈ જ વિકલ્પ કદી ચાલી શકે નહીં સારી સારી કંપનીઓ કે બેંકોમાંથી જોબ ત્યજી દેનારાઓની સંખ્યા વધતી જાય છે કે જયારે સામે નવા જોબ માટેની શક્યતા ખુબ જ કમ છે તો પ્રબંધ માટે આ ચિંતનનો વિષય છે. લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાના હૂકમો માત્ર ઉપયોગ નથી તેને અનુરુપ કાર્યશૈલી અને ઢાંસો તપાસવો જ પડે છે!!


શ્રમિકોના કૌશલ્ય માટે કરાતા ખર્ચને ખર્ચ નહીં પરંતુ રોકાણ ગણવામાં આવે છે. કુશળતાની વૃદ્ધિ એટલે જ્ઞાનમાં વધારો, ગુણમાં વિકાસ, વલણમાં યોગ્ય સુધારણાં જે એકમ કે સંસ્થાને સફળ બનાવે છે. ભારતમાં હવે નોકરી એ માત્ર નોકરી નથી પરંતુ એક આકરી મજબૂરીની ઝંઝીર બની ચૂકી છે જયાં શિકાયતો માટે જગ્યા નથી, સુઝાવ માટે સ્થાન નથી, પ્રોત્સાહનો જેવું હોય તે બાબત પણ હટી ચૂકી છે. પરફોર્મન્સ આપનારા પોતે દંડાઈ રહ્યા છે તે ભાવના જે સૌથઈ વધુ ઘાતક છે છે જે હાલના યુગમાં વ્યાપક રીતે થઈ રહ્યું છે ઉમદા પરિણામોનો પાયો વાસ્તવમાં કાર્ય કરનારાઓનો કાર્ય સંતોષ જ હોય છે તે હાલનું પ્રબંધન ભૂલી ગયું છે. ઉત્તમ કાર્ય માટે પ્રશંસાના બે શબ્દો ઉચ્ચારવાની પદ્ધતિ પણ કાળના પ્રવાહમાં તણાઈ ગઈ છે. વિકલ્પો નથી માટે કાર્ય કરનાર જયારે ઉમદા પરિણામ આપે છે ત્યારે તેના સંતોષ માટે પ્રબંધને અવશ્ય વિચારવું જરૂરી છે. મજબૂર સ્થિતિનો લાભ ઉઠાવતો એ પણ એક પ્રકારની હિંસા છે. શોષણને શિંગડા હોતા નથી તો સંતોષના પર્વતો કદી સર્જાતા નથી છતાં સંતોષ એ સૌથી મોટું સુખ છે માટે સારાની કદર કરવી એ માનવ વ્યવહારની શોભા છે.

શૅર આસ્વાદ :

જયાં આપણી હાજરી નથી હોતી

ત્યાં આપણા ગુણધર્મની હાજરી હોય છે !

# લાગણીઓના ઘોડાપૂર : આપણી ઈચ્છા-અનિચ્છાએ તેમાં તણાતા રહીએ છીએ



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

વ્યક્તિ જયારે લાગણીના આવેશમાં હોય છે ત્યારે કદાચ તેને ખબર જ નથી હોતી કે પોતે લાગણીઓના ઝાળાંમાં ફસાઈ ગઈ છે. લાગણીઓના ઘોડાપૂરને ઓળખવા સહેલા નથી. ક્યારેક આપણી જાણ બહાર, આપણી ઈચ્છા કે અનિચ્છાએ તેમાં તણાતા રહીએ છીએ. એ ઘોડાપૂર વિરમે છે ત્યારે જ આપણને ખ્યાલ આવે છે કે 'ઓહ, એ બધુ તો અસહજ હતું અને તેને કારણે ઘણું બધું અસહજ બની ગયું.'

આપણે લાગણીના આવેશમાં અચાનક જ આવી જતાં હોઈએ છીએ. ક્યાએક ખૂબ જ આનંદ કે ખુશીની ઘટના બને કે સારા સમાચાર મળે ત્યારે આપણે આનંદના આવેશમાં આવીને અનહદ આનંદ વ્યક્ત કરીએ છીએ. ક્યારેક કોઈ કરુણ કે આઘાતજનક ઘટના બને ત્યારે આપણે ઉદાસી કે દર્દના આગોશમાં ફસાઈ જઈએ છીએ. કોઈ વ્યક્તિ આપણાં માટે બે સારા કર્યો કરે કે આપણાં ઉપર ઉપકાર કરે, આપણને મદદ કરે કે આપણી સાચી ખોટી પ્રશંશા કરે ત્યારે લાગણીના આવેશમાં આવી જઈને તેના ઉપર આપણે વારી વારી જતાં હોઈએ છીએ. ક્યારેક આપણી આસપાસનું વાતાવરણ, આપણી આસપાસની વ્યક્તિની લાગણીઓ પણ આપણને લાગણીઓના પૂરમાં ખેંચી જતી હોય છે.

આપણાં સંબંધો જયારે નવા નવા હોય ત્યારે એ સંબંધોને લઈને અતિ ઉત્સાહ હોય છે અને એ સમયે લાગણીના આવેશમાં તણાવાની શક્યતાઓ વધી જતી હોય છે. એવી જ રીતે કોઈ મિત્ર, સ્નેહી, સંબંધી કે આપ્તજન આપણને લાંબા સમય પછી મળતા હોય છે ત્યારે પણ લાગણીની તીવ્રતા પેદા થતી હોય છે. કોઈ આપ્તજનનું મૃત્યુ, કોઈ આપ્તજનની મોટી મૂશ્કેલી આ પ્રકારની તીવ્રતાને વધારે તીવ્ર બનાવતી હોય છે.

વ્યક્તિ જયારે જયારે લાગણીશીલ બને છે ત્યારે તેની લાગણીની તીવ્રતા પણ અલગ અલગ હોય છે. ક્યારેક એ લાગણીઓ મંદ હોય છે, ક્યારેક મધ્યમ, ક્યારેક તીવ્ર તો ક્યારેક અતિ તીવ્ર હોય છે. લાગણીઓ જયારે તીવ્ર કે અતિતીવ્ર બને છે ત્યારે વ્યક્તિ એ પૂરમાં તણાવા લાગે છે. આ પ્રકારના લાગણીના તીવ્ર હુમલા સમયે વ્યક્તિની લાગણીઓને શાંત પાડવી ખૂબ જ મુશ્કેલ હોય છે. આ પ્રકારનો હુમલો ક્યારેક ક્ષણિક તો ક્યારેક લાંબો સમય પણ રહેતો હોય છે અને તે ને કારણે વ્યક્તિને માનસિક નૂકશાન તો થતું જ હોય છે સાથે સાથે સામાજિક અને ક્યારેક શારીરિક નૂકશાન પણ થતું હોય છે.

વ્યક્તિની લાગણીઓ જયારે અતિ તીવ્ર બને છે, વ્યક્તિ લાગણીના આવેશમાં સંપૂર્ણ રીતે આવી જાય છે ત્યારે તેના ઉપર લાગણીઓ સંપૂર્ણ રીતે હાવી થઈ જાય છે એ સમયે તેને સારા-નરસાનું ભાન રહેતું નથી તે પોતાના દિમાગ ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે. તે સમયે વ્યક્તિ યોગ્ય-અયોગ્યના નિર્ણય કરી શકતી નથી. તે સમયે કોઈના સૂચનો, સલાહ કે આદેશ સાંભળતી નથી કે સ્વીકારી શકતી નથી. એ સમયે પોતાની આવડત, જ્ઞાન કે અનુભવને પણ કામે લગાડી શકતી નથી. બીજી રીતે કહીએ તો પોતાની લાગણીઓ સામે તે પોતાની જાતને એકદમ લાચાર મહસૂસ કરે છે.

વ્યકિત જયારે અતી ઉત્સાહ, આનંદ કે ખુશીની લાગણીના ઘોડાપૂરમાં તણાતી હોય છે ત્યારે તે થોડી વધારે ઉદાર બની જાય છે. એ સમયે એ વચનોની લ્હાણી કરવા લાગે છે અને ક્યારેક તો નાણાં કે સંપતિની પણ ઉદાર હાથે લ્હાણી કરવા લાગતી હોય છે. વચનોની લ્હાણી કર્યા પછી જયારે લાગણીના ઘોડાપૂર ઉતરે છે ત્યારે લાગણીના આવેશમાં આપેલા એ બધા જ વચનો પૂરા કરી શકતી નથી તેને કારણે તેના વ્યક્તિગત સંબંધોમાં માઠી અસરો થાય છે.

વ્યકિત જો લાગણીની તીવ્રતા કે ઘોડાપૂરમાં વારંવાર સપડાઈ જતી હોય તો એ માનસિક રોગનો ભોગ બની ગઈ હોય એવી શક્યતાઓ રહેલી છે. આ પ્રકારના રોગને મ્હ્રીહ્રીંહીર્જિહઙ્ગેંઅ હ્રૈજ્હ્રીિ (ૈંહ્ઢ) કહે છે. આ રોગથી પીડાતી વ્યક્તિને જયારે જયારે લાગણીની તીવ્રતાનો હુમલો આવે છે ત્યારે એ તેની જાત માટે પણ જોખમી બની જાય છે કારણ કે એ સમયે વ્યક્તિ પોતાની જાતને એકદમ લાચાર સમજતી હોય છે અને પોતાની જાત ઉપર કોઈ જ પ્રકારનો કાબૂ રાખી શક્તિ નથી એટલે તે પોતાના હાથમાં જે આવ્યું તેનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને પોતાની જાત ઉપર હુમલો કરીને શારીરિક ઈજાઓ પહોંચાડી શકે છે. આ પ્રકારના હુમલા વખતે વ્યક્તિને શાંત કરવી ખૂબ જ મુશ્કેલ હોય છે.

આપણાં વ્યક્તિત્વના જે કઈ મૂળભૂત લક્ષણો છે તેમાંનું એક લક્ષણ લાગણીની તીવ્રતાનું પણ છે. નવા જન્મેલા અને તરુણ વયનાં બાળકોમાં લાગણીઓની આ પ્રકારની તીવ્રતા વધારે જોવા મળતી હોય છે અને તેઓ વારંવાર લાગણીઓના ઘોડાપૂરમાં તણાતા જોવા મળે છે.

વ્યક્તિ જયારે લાગણીની તીવ્રતા અનુભવતી હોય છે એ સમયની તેની માનસિક પરિસ્થિતી કે મનોદશાનું વર્ણન કરવું અઘરું છે. એ સમયે તેના વિચારોની પ્રક્રિયા વાયુવેગે ચાલતી હોય છે અને એ પણ એક જ દિશામાં. એ મનોદશાનો આપણે પોતે સ્વાનુભવ કરીએ તો જ સાચો ખ્યાલ આવે.

લાગણીની તીવ્રતા એ સમુદ્રમાં આવતી ભરતી અને ઓટ જેવા છે. તેનું આવન-જાવન થતું જ રહેતું હોય છે. આપણી જાતને સતત સજાગ રાખીને, ખાસ કરીને લાગણીની તીવ્રતા આપણી ઉપર પ્રહાર કરે તે સમય પહેલા કે તે સમયે આત્મનિરીક્ષણ કરી તેને ઓળખી લઈએ તો તેના ઉપર કાબૂ મેળવી શકીએ. લાગણીઓના આવેશ સમયે માનસિક સમતુલા જાળવવા માટે થોડી ક્ષણોને સાચવી લેવી પડે. સતત સજાગ રહીએ તો હંમેશા નહીં પણ ક્યારેક તો સફળતા મળી શકે.

## વતન પ્રેમ

વતન અર્થાત્ જયાં આપણો જન્મ, ઉછેર થયો હોય તે માતૃભૂમિ. જન્મ દેનારી મા અને ધરતી આ બંનેનું ઋણ આપણે શરીરની ચામડી ઉતારીને પહેરાવીએ તોપણ ચૂકવી શકાતું નથી. સંસ્કૃતમાં કહેવાયું છે,

જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી ॥

સરફરોશીની તમન્ના દિલમાં લઈ દેશની સરહદે ટાઢ, તડકો, વરસાદની પરવા કર્યા વિના ૨૪ કલાક વતનની રક્ષા કરતા જવાનોનો વતનપ્રેમ તો વતનપ્રેમ જ હોય છે. ફરિદ ગુલામનબી મન્સૂરી, 'આદિલ'



### થોટ

નટવર આહલપરા

મન્સૂરીનું નામ આજેય જાણીતું છે. અમદાવાત ગુજરાત છોડીને પરદેશ વસવાટ કરવો પડે એવા સંજોગો ઊભા થયા ત્યારે ત્યારે કવિએ ગઝલ 'મળે ન મળે' કવિ ગઝલમાં કહે છે કે,

વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમભ્રર મળે ન મળે.

તો પરદેશ ગયા પછી કવિ શેખાદમ આબુવાલા એમ કહે છે કે,

આદમને કોઈ પૂછે : પૅરિસમાં શું કરે છે ?
લાંબી સડક ઉપર એ લાંબા કદમ ભરે છે.
એ કેવી રીતે ભૂલે પોતાની પ્યારી મા ને !
પૅરિસમાં છે છતાંય ભારતનો દમસ ભરે છે!

પૂ. મોરારિ બાપુનો પોતાના ગામ તલગાજરડા પ્રત્યેનો વતનપ્રેમ અનુભવવા જેવો છે, માણસ જેવો છે. બાપુ કહે, ઉમળકાથી કહે : 'મારું તલગાજરડું !' જયારે પણ તક મળે વતનનું ઋણ ચૂકવવું જ જોઈએ.